રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨–૦૨–૨૦૧૮
ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૪૩)–૦૨૨૦૧૮–ક:

**રાજય ચૂંટણી આયોગના તા.૧૯–૧૧–૨૦૧૧ ના આદેશના ફકરા નં. ૪ હેઠળ**

**–: જાહેર નોટિસ :–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ઙ અને ૨૪૩–વ ક ની જોગવાઈ અનુસાર રાજય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજયની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજયમાં રાજય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧–૧૧૨૦૧૧–ક, તા.૧૯–૧૧–૨૦૧૧ ના ફકરા–૪ માં નિર્દેશ પ્રમાણે નીચે જણાવેલ પક્ષ તરફથી નોંધણી માટે રાજય ચૂંટણી આયોગને અરજી મળેલ છે. જેનાં નામ સરનામા, પ્રમુખની વિગત નીચે પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| (૧) | પક્ષનું નામ | :– | માનવાધિકાર નેશનલ પાર્ટી |
| (૨) | સરનામું | :– | ૧૨, બીજો માળ, સ્વાગત કોમ્પલેક્ષ, રામબાગ રોડ, મણીનગર, અમદાવાદ |
| (૩) | પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષનું નામ / સરનામું | :– | શ્રી રામભવન રામકલપ ઓઝા એ–૨, ગોકુલ એપાર્ટમેન્ટ, મણીનગર, અમદાવાદ |
| (૪) | માંગણી કરેલ પ્રતીકની વિગત | :– | 'ટુથબ્રશ' |

'ટુથબ્રશ' પ્રતીકની આકૃતિ/ ચિહ્ન નીચે મુજબ રહેશે.



ઉપરોક્ત પક્ષે રાજય ચૂંટણી આયોગે તા.૧૯–૧૧–૨૦૧૧ ના આદેશથી નક્કી કરેલ જરૂરિયાત પ્રમાણે વિગતો રજૂ કરેલ છે. તદઅનુસાર રાજય ચૂંટણી આયોગે કેટલીક શરતો / નિયંત્રણો સાથે પક્ષને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી માટે નોંધાયેલ અમાન્ય રાજકીય પક્ષ તરીકે નોંધણી કરવા તથા પ્રતીક કામ ચલાઉ ધોરણે રાજય ચૂંટણી આયોગના તા.૮–૨–૨૦૧૨ના આદેશ ક્રમાંક:રાચપ– ચટણ–સ્થા. સ્વ. ૨૨૧ (૧)૨૨૦૧૨–ક અન્વયે પાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા



P.T.O

વિચારેલ છે. તો આ પક્ષની નોંધણી કરવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ,રાજકીય પક્ષ, વ્યકિત કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે **આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં સચિવશ્રી ,રાજય ચૂંટણી આયોગ બ્લોક નં.૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર, ૩૮૨૦૧૦** ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા, સલાહ,સૂચન મળશે તો રાજય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે. મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા, સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કઈ વાંધો, સલાહ, સૂચન મળેલ નહિ હશે તો રજૂઆત કરનાર પક્ષની નોંધણી કરવા માટે રાજય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી,**
**માનવાધિકાર નેશનલ પાર્ટી,**
**૧૨,બીજો માળ,સ્વાગત કોમ્પલેક્ષ,રામબાગ રોડ,**
**મણીનગર,અમદાવાદ–૩૮૦૦૦૮**

**નકલ સવિનય રવાના :–**
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના:–**
કલેકટરશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

- કલેકટરશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સંયુકત કમિશ્નરશ્રી/નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે/,મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી (તમામ), રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- રાજય ચૂંટણી આયોગની તમામ શાખાઓ
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો

**નકલ રવાના:–**
સંયુકત સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
રાજય ચૂંટણી આયોગની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવા સારૂ

**નકલ રવાના :–**
વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર
આ જાહેર નોટિસ આજની તારીખના અસાધારણ સરકારી રાજયપત્રમાં ભાગ–૪ સી માં પ્રસિધ્ધ કરવા અને ગેઝેટની ૧૦ નકલ આ કાર્યાલયને તાત્કાલિક મોકલવા વિનંતી સહ.